### વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સોનું ખરીદી સંદર્ભે ભાવુક અપીલ કરતા સોની બજારમાં ચિંતાનો માહોલ સર્જાયો

# ચરોતરના જ્વેલરી બજારમાં ફફડાટ!

**એક વર્ષ સોનું ન** ખરીદવા'ના નિવેદન પર વેપારીઓની મિશ્ર પ્રતિક્રિયા

(પ્રતિનિધિ) આણંદ તા 15
આંતરરાષ્ટ્રીય બજારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી અમેરિકી ડોલરની સામે ભારતીય રૂપિયો સતત નબળો પડી રહ્યો છે, જેના સીધી અસર ભારતના વિદેશી હૂંડિયામણના ભંડાર પર પડી રહી છે. દેશ સમક્ષ ઉભી થયેલી આ આર્થિક કટોકટીનો સામનો કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને એક વર્ષ સુધી સોનું ન ખરીદવા અને પેટ્રોલ-ડીઝલનો ઉપયોગ બને તેટલો ઘટાડવા માટે ભાવુક અપીલ કરી છે.

આ અપીલને પગલે આણંદ ખેડા જિલ્લા સહિત સમગ્ર રાજ્યના જ્વેલરી બજારમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે, કારણ કે સોનાના આસમાને પહોંચેલા ભાવ અને મંદીના કારણે પહેલેથી જ ડચકા ખાઈ રહેલા આ જ્વેલરી બજાર માટે પીએમની અપીલ મુશ્કેલી બેવડાવી શકે તેમ છે. આ ગંભીર મુદ્દે આણંદ સહિત વિવિધ શહેરોમાં આવેલા જ્વેલરી બજારના સ્થાનિક વેપારીઓએ મિશ્ર પ્રતિક્રિયાઓ આપી છે.

વડાપ્રધાન દ્વારા સૂચવવામાં આવેલી વર્ક ફ્રોમ હોમની પદ્ધતિને સરકારી તંત્રમાં પણ પ્રાધાન્ય આપવાની હિમાયત કરવામાં આવી છે. વેપારીઓનું માનવું છે કે, ગાંધીનગર કે અન્ય સ્થળોએ યોજાતી લાંબી મિટિંગો માટે દૂર-દૂરથી અધિકારીઓ પર્સનલ ગાડીઓ લઈને જાય અને સરકાર તે માટે ડીઝલ પૂરું પાડે તેના બદલે ઓનલાઈન મિટિંગોનો આગ્રહ રાખવો જોઈએ.

#### રાજકીય સંમેલનોમાં વપરાતા હજારો લિટર ડીઝલનો બગાડ અટકાવવો જોઈએ

બોરસદનાના સોની બજારના અગ્રણી વેપારી મેહુલ ચોકસીએ વેપારીઓની વેદના રજૂ કરતા જણાવ્યું કે કોરોના કાળ અને વર્તમાન યુદ્ધની સ્થિતિમાં વેપારીઓએ ઘણું સહન કર્યું છે. તેમણે સૂચન કર્યું છે કે ભલે લોકો નવું સોનું ન ખરીદે, પરંતુ જૂના સોનામાંથી નવા દાગીના બનાવવાની છૂટ રહેવી જોઈએ જેથી કારીગરોની રોજગારી જળવાઈ રહે. વધુમાં તેમણે પેટ્રોલ-ડીઝલના વપરાશ બાબતે સરકારને અરીસો બતાવતા કહ્યું કે સલાહ ત્યારે જ કારગત નીવડે જ્યારે સલાહ આપનાર પોતે તેનો અમલ કરે. જ્યારે હજારોની સંખ્યામાં બસો દોડાવીને રાજકીય સંમેલનો કરવામાં આવે છે ત્યારે તેમાં વપરાતા હજારો લિટર ડીઝલનો બગાડ અટકાવવો જોઈએ. મંત્રીઓ અને પદાધિકારીઓએ પોતે સરકારી વાહનો કે વિમાનના બદલે બસ અને ટ્રેનમાં મુસાફરી કરીને પ્રજા સામે આદર્શ સ્થાપિત કરવો જોઈએ.

#### જો ધંધો સાવ ઠપ થઈ જાય તો આ કારીગરોનું ગુજરાન ચલાવવું અઘરું બનશે

આણંદના વેપારી અગ્રણી કમલેશભાઈ ઝવેરીએ આ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું કે, વડાપ્રધાનનું આ નિવેદન દેશના હિતમાં છે અને જો એક વર્ષ સોનાની ખરીદી બંધ કરવામાં આવે તો ભારત દ્વારા ચૂકવવામાં આવતી ઈમ્પોર્ટ ડ્યુટીમાં મોટો ઘટાડો થઈ શકે છે. જોકે, તેમણે આ નિવેદન સાથે એક મહત્વની માંગણી પણ મૂકી છે કે જેમ સરકાર ખેડૂતો કે અન્ય ક્ષેત્રો માટે વીમો અને ટેકાના ભાવ જાહેર કરે છે, તેમ સોનાના વ્યવસાય સાથે સંકળાયેલા નાના કારીગરો માટે પણ કોઈ આર્થિક સહાય કે લાભકારી યોજના જાહેર કરવી જોઈએ. મંદીના માહોલમાં જો ધંધો સાવ ઠપ થઈ જાય તો આ કારીગરોનું ગુજરાન ચલાવવું અઘરું બનશે. જનતાને વિનંતી કરતા તેમણે એમ પણ ઉમેર્યું કે જેમના ઘરે લગ્નપ્રસંગ હોય તેમણે પણ માત્ર અનિવાર્ય હોય તેટલી જ ખરીદી કરવી જોઈએ.

### વડતાલધામના સેવામૂર્તિ સાધુ શ્યામવલ્લભદાસ પંચત્વમાં વિલીન



વડતાલધામને ઉત્સવ સમૈયાઓથી ગુંજતું કરનારા અને યુવા પેઢીના સેવકોના ઘડવૈયા, મૂક સેવક સાધુ શ્યામવલ્લભદાસજી અક્ષરધામ સિધાવ્યાના સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર મૂળ સંપ્રદાયના અગ્રણી સંતો ભક્તોની ભીડ ઉમટી હતી. વહેલી સવારથી જ ભક્તોએ અંતિમ દર્શનની લાંબી કતારોમા ગોઠવાયાં હતાં. આ પ્રસંગે ચેરમેન ડો. સંત સ્વામી, દેવપ્રકાશ સ્વામી (મુખ્ય કોઠારી), શુકવલ્લભ સ્વામી, મુનિવલ્લભ સ્વામી, બ્રહ્મ સ્વરૂપ સ્વામી, ત્યાગ સ્વામી , અમૃત સ્વામી, પ્રેમ સ્વામી સહિત મોટી સંખ્યામાં સંતો-મહંતો ઉપસ્થિત રહ્યાં હતાં અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રધ્ધાંજલિ સભા 27મી મે,2026 ના રોજ સાંજે 4થી 7 વડતાલ મુકામે યોજાશે. જ્યારે અસ્થિ વિસર્જન 18મી મેના રોજ ગઢપુર મુકામે કરવામાં આવશે. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા પૂજ્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજે ટેલિફોનિક સાંન્તવના પાઠવી હતી..

# એમઆરપી છાપવા પર મર્યાદા લાદતો નવો કાયદો ઘડવા માંગ

**આણંદમાં અખિલ** ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા કલેક્ટરને રજુઆત કરાઇ



(પ્રતિનિધિ) આણંદ તા.15
દેશભરમાં ગ્રાહક જાગૃતિ અને પ્રશિક્ષણ માટે કાર્યરત અખિલ ભારતીય ગ્રાહક પંચાયત (ABGP) દ્વારા સરકાર પાસે મહત્તમ છૂટક કિંમત નક્કી કરવા અને છાપવા અંગે નવો કાયદો ઘડવાની માંગ કરવામાં આવી છે. સંસ્થાના મતે, વર્તમાન જોગવાઈઓમાં રહેલી ખામીઓના કારણે ગ્રાહકો મોટા પાયે શોષણ અને છેતરપિંડીનો શિકાર બની રહ્યા છે.

ચરોતરના ગ્રાહક હિતો માટે કાર્યરત અખિલ ભારતીય ગ્રાહક પંચાયતે એમઆરપી અંગેની વર્તમાન નીતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સંસ્થાએ જણાવ્યું છે કે હાલની એમઆરપી છાપવાની પદ્ધતિમાં અનેક વિસંગતતાઓ અને ત્રુટિઓ રહેલી છે, જેનો ગેરલાભ ઉઠાવી ગ્રાહકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે.

આ સંદર્ભે ગ્રાહક પંચાયત દ્વારા એક વિગતવાર આવેદન પત્ર તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં વર્તમાન નીતિની ખામીઓનો અહેવાલ અને તેના સંભવિત ઉકેલો માટેના સૂચનો પણ સામેલ છે. સંસ્થાએ આ આવેદન પત્રને સંબંધિત મંત્રાલય સુધી પહોંચાડવા વિનંતી કરી છે જેથી ગ્રાહક હિતમાં વહેલી તકે યોગ્ય કાયદાકીય સુધારો લાવી શકાય. ગ્રાહક પંચાયતે ગ્રાહકોના રક્ષણ માટે પારદર્શક એમઆરપી નીતિ હોવી અનિવાર્ય ગણાવી છે.

### આણંદમાં તોલમાપ વિભાગની કડક કાર્યવાહી

# નિયમ ભંગ બદલ 47 વેપારી દંડાયા : દોઢ લાખ વસુલાયાં

**એપ્રિલ માસ દરમિયાન** 252 એકમોના સાધનોની ચકાસણી કરી

(પ્રતિનિધિ) આણંદ તા.15
આણંદ જિલ્લાના મદદનીશ નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા એપ્રિલ-2026 દરમિયાન જિલ્લામાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન વજન અને માપના નિયમોનો ભંગ કરનારા 47 વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી કુલ રૂ. 1.50 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લાના કુલ 252 એકમોમાં વજન અને માપના સાધનોની ચકાસણી કરવામાં આવી હતી, જેના પેટે સરકારમાં રૂ. 2,20,905 ની ચકાસણી ફી જમા લેવામાં આવી છે. વિભાગની ટીમોએ 131 વેપારી એકમો પર આકસ્મિક તપાસ કરી હતી, જેમાં 'લીગલ મેટ્રોલોજી એક્ટ-2009' હેઠળ 47 વેપારી દોષિત જણાયા હતાં. આ પૈકી વજન-માપના સાધનો સંબંધિત 43 કેસમાં રૂ. 60,050 અને પેકેજ્ડ કોમોડિટીના 4 કેસમાં રૂ. 90 હજારનો દંડ વસૂલ કરાયો છે.

આ તપાસ દરમિયાન વેપારીઓમાં વજનમાં ઓછું આપવું, સાધનોનું સમયસર મુદ્રાંકન ન કરાવવું, પેકેજ પરની કિંમતમાં ચેડાં કરવા તેમજ ઈલેક્ટ્રોનિક કાંટાના ટેસ્ટિંગ માટે સ્ટાન્ડર્ડ વજન ન રાખવા જેવી ગંભીર ગેરરીતિઓ પણ જોવા મળી હતી.

# લુણેજમાં ગેરકાયદે કોમર્શિયલ બાંધકામ તોડી પાડવા આદેશ

**જમીન બિનખેતી** કર્યા વગર જ ઉભા કરાયેલા ગોડાઉન અને ઓફિસ અંગે કલેક્ટરનો હુકમ

(પ્રતિનિધિ) ખંભાત તા.15
આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીએ ખંભાત તાલુકાના લુણેજ ગામે ખેતીની જમીન પર બિનપરવાનગીથી કરવામાં આવેલા ગેરકાયદે કોમર્શિયલ બાંધકામને દૂર કરવાનો કડક હુકમ કર્યો છે. લુણેજ-દહેડા મેઈન રોડ પર આવેલી ખેતીની જમીનમાં શરતભંગ કરીને વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

ખંભાતના લુણેજ ગામના સર્વે નંબર 148 વાળી ખેતીની જમીન પર રમણભાઈ દાનાભાઈ મકવાણા દ્વારા કોઈ પણ પ્રકારની બિનખેતી (NA) મંજૂરી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે ગોડાઉન અને પાકી ઓફિસનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ સ્થળનો ઉપયોગ રેતી, કપચી, સિમેન્ટ અને પાઈપો જેવા બાંધકામ સાહિત્યના વેચાણ માટે કરવામાં આવતો હતો. અરજદાર અરુણભાઈ ગોહિલની ફરિયાદ બાદ મામલતદાર અને સર્કલ ઓફિસર દ્વારા કરવામાં આવેલી તપાસમાં આ ગંભીર શરતભંગની વિગતો પ્રકાશમાં આવી હતી.

આ કેસની સુનાવણી બાદ આણંદ કલેક્ટરે સ્પષ્ટ જણાવ્યું હતું કે, ખેતીની જમીનમાં બિનખેતીનો ઉપયોગ બિનપરવાનગીથી કરવામાં આવ્યો હોવાનું સાબિત થાય છે. આથી, સામાવાળાએ હુકમની તારીખથી એક માસની અંદર આ ગેરકાયદે બાંધકામ જાતે અને સ્વખર્ચે દૂર કરવાનું રહેશે. જો નિયત સમય મર્યાદામાં બાંધકામ દૂર કરવામાં નહીં આવે, તો ખંભાત મામલતદાર દ્વારા આ બાંધકામ તોડી પાડવામાં આવશે અને તેનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી મહેસૂલી રાહે વસૂલ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી બાંધકામના નિયમો નેવે મુકી કોમર્શીયલ બાંધકામ થઈ રહ્યાં છે. આ અંગે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવી અનિવાર્ય છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના સર્જક માધવ ગઢવીના નવા પુસ્તક 'એક ક્ષણનું આકાશ'ને સંતોના આશીર્વાદ

**કપડવંજ |** કપડવંજના જાણીતા સર્જક માધવ ગઢવીના નવા પુસ્તક 'એક ક્ષણનું આકાશ'નું ડાકોર અને કપડવંજ મુકામે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દંડી સ્વામી આશ્રમ અને રંગ ખુશી ભવન ખાતે સ્વામી જગદીશાનંદજી તથા સંત વિશ્વેરાનંદજીના વિશેષ આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. લેખક માધવ ગઢવીના અગાઉ 'મારા સામણે ઊગેલ વાતો' અને 'મન દરિયાની સફરે' એમ બે સંગ્રહો પણ સફળતાપૂર્વક પ્રગટ થઈ ચૂક્યા છે.. ધાર્મિક અને સાહિત્યિક વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ત્રીજા પુસ્તકને હર્ષભેર આવકારવામાં આવ્યું હતું.



### ખેડા જિલ્લામાં ઘાયલોનો જીવ બચાવનાર બે 'રાહ-વીર' યુવાનોનું પોલીસ દ્વારા સન્માન




કપડવંજ | ભારત સરકારની 'રાહ-વીર' યોજના હેઠળ માર્ગ અકસ્માતના ગંભીર ઘાયલોને 'ગોલ્ડન અવર'માં હોસ્પિટલ પહોંચાડનાર વિજયકુમાર તળપદા અને સંજયકુમાર સોઢા પરમારની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. મહુધા અને મહેમદાવાદ પોલીસ સ્ટેશનની હદમાં બનેલા ગંભીર અકસ્માતો સમયે આ બંને યુવાનોએ માનવતા દાખવીને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી ઘાયલોને તાત્કાલિક સારવાર અપાવી હતી. આ સરાહનીય કામગીરી બદલ પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદ દ્વારા આ બંને 'રાહ-વીરો'ને પ્રશંસા પત્ર આપીને નવાજવામાં આવ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં ભારત રક્ષા મંચની બેઠકમાં હિન્દુઓને જાગૃત થવા આહ્વાન કરાયું



**કપડવંજ |** કપડવંજના ઉત્કંઠેશ્વર ખાતે રાષ્ટ્રીય સંયોજક સૂર્યકાન્ત કેલકરના અધ્યક્ષસ્થાને ભારત રક્ષા મંચની સંગઠનાત્મક બેઠક યોજાઈ, જેમાં તેમણે રાષ્ટ્રદ્રોહીઓ સામે હિન્દુ સમાજને જાગૃત થવા હાકલ કરી હતી. આ પ્રસંગે ભાજપના ચૂંટાયેલા જિલ્લા સદસ્યોનું સન્માન કરાયું અને સંગઠનને મજબૂત બનાવી રાષ્ટ્રહિતમાં કાર્ય કરવા પર ભાર મુકાયો હતો. બેઠકમાં ગુજરાત એકમના પ્રમુખ હરેવાનભાઈ ઠાકોર સહિત અનેક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### આણંદમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર દર મંગળવારે સાંજે 4 થી 7 કલાક સુધી ચાલુ રહેશે

**આણંદ |** આણંદની બોરસદ ચોકડી ખાતે કાર્યરત પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્રની જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી અને ડી.ડી.ઓ. દેવાહુતીએ મુલાકાત લઈ ખેડૂતો સાથે વિસ્તૃત સંવાદ સાધ્યો હતો. ઉનાળાની સખત ગરમીને ધ્યાને રાખી આગામી મંગળવારથી આ વેચાણ કેન્દ્રના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જે હવે સાંજે 4-00 થી 7-00 કલાક સુધી કાર્યરત રહેશે. આ કેન્દ્રમાં જિલ્લાના 20થી વધુ ખેડૂતો દ્વારા રાસાયણિક ખાતર મુક્ત શાકભાજી, કઠોળ, ફળો અને વિવિધ મૂલ્યવર્ધિત પ્રાકૃતિક પેદાશોનું ગ્રાહકોને સીધું વેચાણ કરવામાં આવે છે.



### પેટલાદના ધારાસભ્યે પેન્શનરોની ઘરે બેઠા 'ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ'નો લાભ લીધો

**પેટલાદ |** ગુજરાત સરકાર અને ડાક વિભાગના સહયોગથી રાજ્યના પેન્શનરોને હવે ઘરે બેઠા વિનામૂલ્યે હયાતી પ્રમાણપત્રની સુવિધા પ્રાપ્ત થશે. નાણા રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલે પેટલાદ ખાતે પોતે નિવૃત્ત આચાર્ય તરીકે પોસ્ટમેન દ્વારા આ ડિજિટલ સર્ટિફિકેટ મેળવી સેવાનો પ્રારંભ કર્યો હતો. આ સુવિધાથી ખાસ કરીને બીમાર અને વૃદ્ધ પેન્શનરોને બેંક કે તિજોરી કચેરીના ધક્કા ખાવા નહીં પડે અને સમય તથા નાણાંની બચત થશે. પેન્શનધારકો 31મી જુલાઈ સુધી નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરીને આ વિનામૂલ્યે સેવાનો લાભ મેળવી શકે છે.



### ઉમરેઠના જાખલા ગામે પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત રાત્રીસભા યોજાઈ

ઉમરેઠ | જાખલા ગામે ખેડૂતોને રાસાયણિક ખેતી ત્યજી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માર્ગદર્શન આપવા માટે વિશેષ રાત્રીસભાનું સફળ આયોજન કરાયું હતું. આત્મા પ્રોજેક્ટ અને પ્રાકૃતિક વિકાસ બોર્ડના અધિકારીઓએ કેન્સર જેવી ગંભીર બીમારીઓથી બચવા અને શુદ્ધ ખોરાક માટે કેમિકલયુક્ત ખેતી છોડવી અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. સભામાં જીવામૃત, આચ્છાદન અને મિશ્ર પાક જેવા પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો વિશે ખેડૂતોને વિસ્તૃત ટેકનિકલ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ સખી, ગામના સરપંચ અને મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો તેમજ મહિલાઓ ઉત્સાહભેર હાજર રહ્યાં હતાં.



### ચિખોદરામાં 24 ટીબીના દર્દીઓને રોટરી ક્લબના સહયોગથી પોષણ કીટનું વિતરણ

**આણંદ |** ચિખોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા ક્ષય અધિકારી ડો. દીપક પરમારના અધ્યક્ષસ્થાને રોટરી ક્લબ આણંદ રાઉન્ડ ટાઉનના સહયોગથી 24 ટીબી દર્દીઓને પ્રોટીનયુક્ત નિક્ષય પોષણ કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે મહાનુભાવોએ ટીબી મુક્ત અભિયાન અંતર્ગત દર્દીઓને સતત છ માસની નિયમિત દવા અને પૌષ્ટિક આહાર લેવા અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડો. પરમારે ટીબીના દર્દીઓ પ્રત્યે સંવેદના દાખવી તેમની દરકાર કરવા અને સમાજના અન્ય લોકોને પણ 'નિક્ષય મિત્ર' બનવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, રોટરી ક્લબના હોદ્દેદારો અને ગ્રામીણ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ટીબી નાબૂદીના લક્ષ્યને વેગ આપવા સંકલ્પ લેવાયો હતો.



### બાલાસિનોરમાં કાછિયા પટેલ સમાજ દ્વારા નોટબુક વિતરણ અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

**બાલાસિનોર |** બાલાસિનોર કાછિયા પટેલ સમાજ દ્વારા કુળદેવી શ્રી સમરી માતાના ચોથા પાટોત્સવ નિમિત્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામ અને જરૂરિયાતમંદોને નોટબુક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ સુધીરભાઈ ધારિયા (રંગુનવાળા) દ્વારા શિક્ષણના વિકાસ અર્થે રૂ. ૭૫ હજારનું ઉમદા દાન આપવામાં આવ્યું હતું. સમાજના વિવિધ ટ્રસ્ટના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સમાજની વિશિષ્ટ પ્રતિભાઓ અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યું તથા લકી ડ્રોના ઇનામો વિતરણ કરાયા હતા. આ કાર્યક્રમમાં બાલાસિનોર ઉપરાંત અમદાવાદ, મુંબઈ, સુરત અને વડોદરા જેવા અનેક શહેરોમાંથી કાછિયા સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



### બાલાસિનોરમાં સગર્ભા મહિલાઓ માટે ડાયાબિટીસ અને બી.પી. ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું

**બાલાસિનોર |** બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર અને લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે NCD કાર્યક્રમ અંતર્ગત સગર્ભા બહેનો માટે વિશેષ તપાસ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં 64 જેટલી સગર્ભા મહિલાઓનું ડાયાબિટીસ અને બી.પી. ચેકઅપ કરી સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી હતી. આશા વર્કર બહેનો દ્વારા ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી HPV રસીકરણ અંગે વિગતવાર સમજણ અને જાગૃતિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડો. દેવેન્દ્રભાઈ શાહ તથા લાયન્સ ક્લબના હોદ્દેદારો અને આરોગ્ય સ્ટાફ હાજર રહી સેવાઓ પૂરી પાડી હતી.



### આણંદના વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા ઉદ્યોગપતિ શ્યામસુંદર રાઠીનું શિલ્ડ એનાયત કરી સન્માન કરાયું

**આણંદ |** આણંદમાં છેલ્લા 13 વર્ષથી સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન યોજતા વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાવાયર લિમિટેડના શ્રી શ્યામસુંદર રાઠીનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. સમૂહ લગ્નોત્સવમાં તેમના સતત સહયોગને બિરદાવવા માટે ફાઉન્ડેશનના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ અને ટ્રસ્ટીઓના હસ્તે તેમને શિલ્ડ અને ઉપરણું એનાયત કરાયું હતું. આ પ્રસંગે શાંતિકાકાના પ્રયત્નોથી મળતા સહયોગ બદલ શ્રી શ્યામસુંદર રાઠી અને શ્રી શૈલેષભાઈ રાઠીનું ફાઉન્ડેશનના પદાધિકારીઓ દ્વારા ભાવભેર અભિવાદન કરવામાં આવ્યું હતું. સમાજસેવાના આ ઉમદા કાર્યમાં રાઠી પરિવારના નિરંતર યોગદાનની ફાઉન્ડેશન દ્વારા સરાહના કરવામાં આવી હતી.



### ઠાસરામાં ગૌમાતાને 'રાષ્ટ્ર માતા' જાહેર કરવા સંતો-ગૌભક્તો દ્વારા આવેદનપત્ર અપાયું



ઠાસરા | સમગ્ર ગુજરાતમાં ચાલતા 'ગૌ સન્માન આહવાન અભિયાન' અંતર્ગત ઠાસરા મામલતદાર કચેરીએ સંતો અને ગૌભક્તો ઉમટી પડ્યા હતા. ગૌ હત્યા અને કતલખાના તાકીદે બંધ કરવાની મુખ્ય માંગ સાથે ઠાસરા મામલતદારને એક પ્રાર્થના પત્ર સોંપવામાં આવ્યું હતું. આ આવેદન દ્વારા ગૌમાતાને 'રાષ્ટ્ર માતા' તરીકે જાહેર કરવાની નૈતિક માંગણી સંતો-મહંતો દ્વારા કરવામાં આવી છે. ગૌરક્ષા અને ગૌ-સન્માનના પવિત્ર હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ઠાસરા તાલુકાના ગૌ પ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.